## <u>થાનગઢનાં મેહ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ માં, મુ.થાનગઢ</u>

ક્રિ.કે.નં.૪૩૧/૨૦૨૨

આંકઃ–૦૫

ફરીયાદી :– શ્રી સરકાર

**વિરુઘ્ધ**

તહોમતદારઃ– શકિતશરણ ગૌતમ બ્રાહમણ,
ઉ.વ.પર, રહે.કવિતાધામ બંગલો, જાડેશ્વર રોડ, ભરુચ.
ગુનોઃ– <u>બાળ પ્રતિબંધક અધિનિયમ અને નિયમ–૧૯૮૬ ની કલમ–૩(એ) અને ૧૪ મુજબ</u>

**–:: <u>ઠ રા વ</u> ::–**

**(૧)** ફરીયાદપક્ષનાં કેસની ટુંક હકીકત એવી છે કે, આ કામનાં ફરીયાદી સુરેન્દ્રનગર જીલ્લામાં રાજય પત્રિત વર્ગ–ર અધિકારી તરીકે સરકારી શ્રમ અધિકારી તરીકે ફરજ બજાવે છે અને તેઓની ફરજ દરમ્યાન જીલ્લા ટાસ્ક ફોર્સને સાથે રાખી તા.ર૭/૪/ર૦રર નાં રોજ કલાક–૧૧:૦૦ વાગ્યે થાનગઢથી અભેપર રોડ ઉપર આવેલ પોપ્યુલર સીરામીક ખાતે રેઈડ કરતા સદર કારખાનામાં મજુરી કામ અર્થે રાખવામાં આવેલ ત્રણ બાળકો નામે (૧) નંદુબેન (ર) રોહીત લીબડીયા અને (૩) સુનીલ બાવળીયાનાંઓ મળી આવેલ. જે બાળકોને આરોપીઓનાં કબજામાંથી મુકત કરાવી તેઓનાં વાલીને સોંપેલ. આમ, હાલનાં આરોપીએ અન્ય આરોપી સાથે મળીને પોતાના સીરામીકનાં કારખાનામાં બાળકોને ગેરકાયદેસર રીતે કામે રાખી ઓછુ વેતન આપી તેઓની પાસે મજુરી કરાવી ચાઈલ્ડ લેબર પ્રોહીબીશન એન્ડ રેગ્યુલેશન એકટ–૧૯૮૬ ની કલમ–૩(એ) તથા ૧૪ મુજબનો ગુનો કરેલ હોઈ તે અંગેની ફરીયાદ દાખલ કરવામાં આવેલ. જેનું સંજ્ઞાન લઈ આરોપી વિરુઘ્ધ પ્રોસેસ કાઢ વામાં આવેલ.

**(ર)** ત્યારબાદ આરોપી પોતાના વિઘ્વાન વકીલશ્રી મારફત હાજર રહી આંક–૩ થી ગુનાની કબુલાત પુરશીશ આપેલ તેના સંદર્ભમાં આંક–૪ થી તેઓનો જવાબ લેવામાં આવતા આરોપીએ ગુનાની સ્વેચ્છીક કબુલાત કરી એવું જણાવેલ છે કે, ગુનાની કબુલાત કરવા

તેઓને કોઈએ કોઈપણ જાતની ધાક ધમકી કે લોભ લાલચ આપેલ નથી.

**(૩)** આરોપીએ જે ગુના કબુલાતની પુરસીશ આપેલ છે તેમાં તેઓ જણાવેલ છે કે તેઓને ગુનો કરવા બદલ ખુબજ પસ્તાવો છે અને ભવિષ્યમાં આવા પ્રકારનાં ગુના ન થાય તેની કાળજી રાખવા બાહેધરી આપેલ છે, તેમજ દયા કરી જેમ બને તેમ ઓછી સજા કરવા અરજ કરેલી છે.

**(૪)** આરોપીની કબુલાત પુરસીશ વંચાણે લેતાં તેમજ આરોપી પક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલી રજુઆતોને લક્ષમાં લેતાં, તેમજ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હીરાચંદજી ઠાકોર ૨૦૦૫ (૧)જી.એલ.આર. ૭૦૯ પર પ્રસિધ્ધ થયેલ નામ. ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં કેસના સંજોગો લક્ષમાં લેતાં જો પુરતા કારણો જણાય તો અદાલત ન્યુનતમ કરતાં ઓછી સજા પણ કરી શકે છે.

**(૫)** વધુમાં આરોપીની કબુલાત પુરસીશને લક્ષમાં લેતાં, તેમજ આરોપીની કોર્ટ સમક્ષની રજુઆતોને લક્ષમાં લેતાં, આરોપીનો પ્રથમ ગુનો હોય, આરોપીનાંઓ ગ્રામ્ય વાતાવરણમાંથી આવતાં હોય, આરોપી કુંટુંબનો આધાર હોય, જો કેદની સજા કરવામાં આવે તો કુંટુંબનાં ભરણપોષણનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે, આરોપીનાં કથિત કૃત્યની સજા આડકતરી રીતે તેના કુંટુંબીજનો થનાર હોય, આરોપીએ ગુના સબબ પસ્તાવો પણ વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહીં બને તેવી ખાત્રી પણ આપતા હોય, કેસનાં સંજોગો, ગુનાનો પ્રકાર, ગુનાને લગતી સજાની જોગવાઈ અને આરોપી ધ્વારા કરવામાં આવેલી રજુઆતને લક્ષમાં લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ઉપરોકત ચુકાદાઓમાં સ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતોને લક્ષમાં લેતાં આરોપીને લાંબા સમયની કેસની સજા કરવાને બદલે હળવી સજા કરવાને પાત્ર હાથ ઉપરનો કેસ હોય, જેથી આરોપીને કોર્ટ ઉઠતાં સુધીની સજા અને દંડ કરતી વખતે પણ આરોપીની દારૂણ અવસ્થાને ઉવેખી શકાય નહીં, આરોપીની સ્થિતિ જોતાં અને કરવામાં આવેલી રજુઆતોને લક્ષમાં લેતાં, ઓછી રકમનો દંડ કરવાથી ન્યાયનો હેતું જળવાશે જેથી આરોપીને તેમની સામેનાં ગુના સબબ તકસીરવાન ઠરાવવા રહયા. આમ, ઉપરોકત તમામ સંજોગો, ચુકાદા અને આરોપી ની કબુલાત ધ્યાને લેતાં આરોપીને ચાઈલ્ડ લેબર પ્ર ોહીબીશન એન્ડ રેગ્યુલેશન એકટ–૧૯૮૬ ની કલમ–૩(એ) તથા ૧૪ મુજબ નો ભંગ કરી ગુનામાં

તકસીરવાન ઠરાવી નીચે મુજબની સજા કરવી જોઈએ તેવું નમ્રપણે માનવું છે. સદર ગુનામાં સજાની જોગવાઈ ધયાને લેતા સને ૨૦૧૬ માં કરવામાં આવેલ સુધારા મુજબ ઓછામાં ઓછી છ માસની પરંતુ બે વર્ષથી વધુ નહી તેવી કેદની સજા અથવા ઓછામાં ઓછા રૂા.૨૦,૦૦૦/– પરંતુ રૂા.૫૦,૦૦૦/– થી વધુ નહી તેટલો દંડ ની જોગવાઈ કરેલ છે જે ધ્યાનમાં રાખી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

આ કામનાં આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૫ ની જોગવાઈ મુજબ ચાઈલ્ડ લેબર પ્રોહીબીશન એન્ડ રેગ્યુલેશન એકટ–૧૯૮૬ ની કલમ–૩(એ) તથા ૧૪ મુજબનાં ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રુા.૩૦,૦૦૦/– (અંકે રુપિયા ત્રીસ હજાર પુરા)નો દંડની સજા કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૭ (સાત) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૨૪મી માહે માર્ચ, સને ૨૦૨૩ નાં રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

થાનગઢ.
તા.૨૪/૦૩/૨૦૨૩

**(અકબરઅલી ફખ્રેઆલમ અન્સારી)**
જયુડી.મેજી.ફ.ક., થાનગઢ.
જીજે૦૧૨૬૪